આરબીઆઇ / 2006-2007 / 310
ડીબીઓડી નં. એલઇજી. બીસી 75/09.07.005/2006-07

એપ્રિલ 5, 2007

બધી શીડયૂલ્ડ કમર્શીયલ બેંકો
(આરબીઆઇ સિવાય)

માનનીય સાહેબ,

***સીંગલ ડીપોઝીટ અકાઉન્ટમાં નોમીનેશન ફેસીલીટીઝ***

જૂન 9, 2005 ના ઉપરના વિષય પરના અમારા સરકયુલર ડીબીઓડી નં. એલઇજી. બીસી 95/09.07.005/2004-05 ના ફકરા ને ચકાસો જેમાં બેંકોને ડીપોઝીટ અકાઉન્ડ હોલ્ડર્સને નોમીનેશન ફેસીલીટી અને સરવાઇવરશીપ કલોઝના લાભો વિશે બહોળો પ્રચાર અને માર્ગદર્શન પુરુ પાડવાની સલાહ અપાઇ છે. અમને લાગે છે કે આ બાબતે શ્રેષ્ઠ પ્રયત્નો છતાં, બેંકો હજુપણ નોમીનેશન વિના સીંગલ ડીપોઝીટ અકાઉન્ટસ ખોલી રહી હોઇ શકે.

2. અલ્હાબાદ હાઇકોર્ટ સમક્ષ આવેલ કેસમાં, માનનીય કોર્ટે નિરીક્ષણ કર્યું કે એ સૌથી યોગ્ય રહેશે કે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા એ અસરથી માર્ગરેખાઓ ઇશ્યુ કરે કે જયાં સુધી ડીપોઝીટર્સ નોમીનીનું નામ ન આપે ત્યાં સુધી સીંગલ નામ પર કોઇ સેવીંગ્ઝ અકાઉન્ટ કે ફીકસ્ડ ડીપોઝીટ સ્વીકારાય નહીં. નિર્દોષ વિધવાઓ અને બાકોના સંદર્ભમાં જેમને કાયાદાકી રીતે તેઓ જે રકમના હકદાર છે તેનો દાવો કરવા કોર્ટની લાંબી વિલંબિત કાર્યવાહીઓમાં ઘસડાવું પડે છે તેમની સેવા માટે તે શ્રેષ્ઠ રહેશે.

3. ઉપરનું ધ્યાનમાં લેતાં, બેંકોને ડીપોઝીટઅકાઉન્ટ ખોલનાર વ્યક્તિ નોમીનેશન કરે તેનો સામાન્ય રતે આગ્રહ રાખવાની સલાહ અપાય છે.અકાઉન્ટ ખોલનાર વ્યકિત નોમીનેશન ભરવાની ના પાડે તેવા કેસમાં બેંકે નોમીનેશન ફેસીલીટીના લાભો સમજાવવા જોઇએ. અકાઉન્ટ ખોલનાર વ્યકિત જો તો પણ નોમીનેટ કરવા ન માગે, તો બેંકે તેને તે નોમીનેશન કરવા નથી માગતો તેની અસરનો એક ચોક્કસ પત્ર આપવાનું કહેવું જોઇએ. અકાઉન્ટ ખોલનાર જો આવો પત્ર આપવાની ના પાડે તો બેંકે તે હકીકત અકાઉન્ટ ઓપનીંગ ફોર્મ પર રેકર્ડ કરવી જોઇએ અને અકાઉન્ટ ખોલવાનું આગ ધપાવવું, જો તે અન્ય રીતે યોગ્ય કરતું હોય. કોઇપણ સંજોગો હેઠળ અકાઉન્ટ ખોલનાર વ્યકિત નોમીનેટ કરવાની ના પાડે છે તે આધાર પર બેંકે અકાઉન્ટ ખોલવાની ના પાડવી જોઇએ નહીં.

4. વધુમાં બેંકો ફેબ્રુઆરી 28, 1997 ના અમારા સરકયુલર ડીબીઓડી નં. બીસી 15/09.08.004/96-97 ને ચકાસે જેમાં એવી સલાહ અપાયેલી કે સોલ પ્રોપરાયટરી કનસર્નના નામ પરની ડીપોઝીટોની બાબતે પણ નોમીનેશન ફેસીલીટી વિસ્તારી શકાય. બેંકોને સોલ પ્રોપરાયટરી કનસર્નના નામ પરડીપોઝીટ અકાઉન્ટસની બાબતે ઉપર જણાવેલ પ્રોસીજર અનુસરવાની સલાહ અપાય છે.

આપનો વિશ્વાસુ,

(પ્રશાન્ત સરન)
ચીફ જનરલ મેનેજર ઇન-ચાર્જ